# સુરત શહેરમાં બાંધકામક્ષેત્રનાં સ્થળાંતરિત શ્રમિકોનું આર્થિક વિશ્લેષણ

**Dr. Sudhir K. Solanki**
Assistant Professor
Navnirman Commerce College,
Affiliated
Veer Narmad South Gujarat, Surat
Email: sudhirsolanki.eco@gmail.com
Orcid ID: https://orcid.org/0009-0001-6829-6800

**Dr. Trupti J. Chawda**
Assistant Professor
Z.F. Wadia Women's College & N. K. Jhota College of Commerce,
Affiliated
Veer Narmad South Gujarat, Surat
Email: truptichawda123@gmail.com
Orcid ID: https://orcid.org/ 0009-0009-6171-1192

**Dr. Fenil K. Patel**
Lecturer
Ambaba Commerce College, Affiliated Veer Narmad South Gujarat, Surat
Email: patelfenil900@gmail.com

## અમૂર્ત:

સ્થળાંતર એ ઔદ્યોગિકરણ અને શહેરીકરણની વિશ્વભરની પ્રક્રિયાના એક ભાગરૂપી બની ગયું છે. દેશમાં લોકોની ગતિશીલતામાં થતાં ફેરફારો સમજવા માટે સ્થળાંતરની તરાહનું વિશ્લેષણ અગત્યનું છે. વસતિવૃદ્ધિનો તે ઝડપી ફેરફાર પામતો ઘટક છે અને તે આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિબળો પ્રત્યે સંવેદશીલ છે. અભ્યાસનો મુખ્ય હેતુ શ્રમિકોનું સ્થળાંતર અને બાંધકામ યોજના અંગેનું મૂલ્યાંકન. તેમજ અભ્યાસની પદ્ધતિ એ સંભાવના આધારિત બહુ-તબક્કા નિદર્શન પધ્ધતિ દ્વારા સુરત શહેરના કુલ બાંધકામ પ્રોજેકટમાંથી વિસ્તાર પ્રમાણે નિદર્શ બાંધકામ પ્રોજેકટની પસંદગી કરવામાં આવી છે. ત્યાર બાદ બિન-સંભાવના આધારિત નિદર્શન પધ્ધતિમાંથી સુવિધા નિદર્શન પધ્ધતિના આધારે નિદર્શમાં પસંદગી પામેલ બાંધકામ પ્રોજેકટમાંથી ૬૦૦ નિદર્શની પસંદગી કરવામાં આવી. ત્યાર બાદ અભ્યાસના નિષ્કર્ષમાં સ્થળાંતર થયા પછી બાંધકામ શ્રમિકોની માસિક આવક, ખર્ચ, બચત અને દેવામાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે અને સ્થળાંતર પહેલા કરતાં સ્થળાંતર પછી શ્રમિકોએ બાંધકામ યોજનાનો લાભ લીધો હોય તેનું પ્રમાણ ઉંચુ જોવા મળ્યું. તેમજ અભ્યાસના સૂચનોમાં ગરીબી, બેરોજગારી અને સ્થળાંતર એ બાંધકામ શ્રમિકો માટેનાં જવાબદાર કારણો છે. આથી શ્રમિકોના કુટુંબોને જે તે સ્થાનિક સ્તરે ઉત્પાદકીય રોજગારી મળી રહે તે જરૂરી છે જેથી તેઓ સ્થળાંતર થતાં અટકે.

## પ્રસ્તાવના :

આધુનિક યુગમાં સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારનાં વિસ્તરણને કારણે સ્થળાંતર એ સાર્વત્રિક ઘટના બની ગઈ છે. સ્થળાંતર ઔદ્યોગિકરણ અને શહેરીકરણની વિશ્વભરની પ્રક્રિયાના એક ભાગરૂપી બની ગયું છે. ઘણાંખરાં દેશોમાં નિરીક્ષણ કરવામાં આવ્યું છે કે એક દેશમાંથી બીજા દેશમાં, એક શહેરમાંથી બીજા શહેરમાં, એક ગામડાંમાંથી બીજા શહેરમાં મોટા પ્રમાણમાં થતાં હેરફેર દ્વારા ઔદ્યોગિકરણ અને આર્થિક વિકાસ એકબીજા સાથે જોડાયેલ છે. ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો આર્થિક વિકાસ અને ઔદ્યોગિકરણની પ્રક્રિયા દરમ્યાન વસ્તીનું ખેતીક્ષેત્રમાંથી ઔદ્યોગિકક્ષેત્રમાં સ્થળાંતર થતું હોય છે. વર્તમાન સમયમાં એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકામાં ટેકનિકલ પરિવર્તનોને લીધે વસ્તીનું ગામડાંમાંથી શહેરો તરફ સ્થળાંતર થઈ રહ્યું છે. દેશમાં લોકોની ગતિશીલતામાં થતાં ફેરફારો સમજવા માટે સ્થળાંતરની તરાહનું વિશ્લેષણ અગત્યનું છે. વસતિવૃદ્ધિનો તે ઝડપી ફેરફાર પામતો ઘટક છે અને તે આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિબળો પ્રત્યે સંવેદશીલ છે. ગુજરાતનાં ઉંચા શહેરીકરણનાં દર પાછળ એક મહત્વનું

કારણ એ સ્થળાંતરનો ઉંચો દર ગણવામાં આવે છે. વસ્તી ગણતરી ૨૦૦૧ મુજબ ગુજરાતમાં કુલ સ્થળાંતરીતોની સંખ્યા ૩.૮૦ મિલિયન જેટલી હતી.

આધુનિક યુગમાં સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારનાં વિસ્તરણને કારણે સ્થળાંતર એ સાર્વત્રિક ઘટના બની ગઈ છે. સ્થળાંતર ઔદ્યોગિકરણ અને શહેરીકરણની વિશ્વભરની પ્રક્રિયાના એક ભાગરૂપી બની ગયું છે. ઘણાંખરાં દેશોમાં નિરીક્ષણ કરવામાં આવ્યું છે કે એક દેશમાંથી બીજા દેશમાં, એક શહેરમાંથી બીજા શહેરમાં, એક ગામડાંમાંથી બીજા શહેરમાં મોટા પ્રમાણમાં થતાં હેરફેર દ્વારા ઔદ્યોગિકરણ અને આર્થિક વિકાસ એકબીજા સાથે જોડાયેલ છે. ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો આર્થિક વિકાસ અને ઔદ્યોગિકરણની પ્રક્રિયા દરમ્યાન વસ્તીનું ખેતીક્ષેત્રમાંથી ઔદ્યોગિકક્ષેત્રમાં સ્થળાંતર થતું હોય છે. વર્તમાન સમયમાં એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકામાં ટેકનિકલ પરિવર્તનોને લીધે વસ્તીનું ગામડાંમાંથી શહેરો તરફ સ્થળાંતર થઈ રહ્યું છે. દેશમાં લોકોની ગતિશીલતામાં થતાં ફેરફારો સમજવા માટે સ્થળાંતરની તરાહનું વિશ્લેષણ અગત્યનું છે. વસતિવૃદ્ધિનો તે ઝડપી ફેરફાર પામતો ઘટક છે અને તે આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિબળો પ્રત્યે સંવેદશીલ છે. ગુજરાતનાં ઉંચા શહેરીકરણનાં દર પાછળ એક મહત્વનું કારણ એ સ્થળાંતરનો ઉંચો દર ગણવામાં આવે છે. વસ્તી ગણતરી ૨૦૦૧ મુજબ ગુજરાતમાં કુલ સ્થળાંતરીતોની સંખ્યા ૩.૮૦ મિલિયન જેટલી હતી.

**સ્થળાંતરનો અર્થ :**

કોઈ એક આપેલ સમયગાળા દરમ્યાન એક ચોક્કસ વિસ્તારમાંથી અન્ય વિસ્તારમાંથી થયેલી ગતિ જેમાં સામાન્ય રીતે અમુક વહીવટી સીમાઓને ઓળગવાની હોય છે અને જેમાં રહેઠાણનું સ્થળ બદલાતું હોય છે તેને સ્થળાંતર કહી શકાય છે. રહેઠાણનું આ ફેરફાર કાયમી કે અર્ધ કાયમી કામચલાઉ હોય શકે. આંતરિક સ્થળાંતર રાષ્ટ્રોની સીમાની અંદર થતું રહેઠાણનું પરિવર્તન દર્શાવે છે.

પ્રો. વિદ્યુત જોષી સ્થળાંતરની વ્યાખ્યા આપતા લખે છે કે "એક કાયમી રહેઠાણમાંથી પર્યાપ્ત સમય માટે ઓછે-વધતે અંશે અન્ય રહેઠાણમાં થતાં લોકોનાં કાયમી સંચરણને સ્થળાંતર કહેવાય."

સંયુક્ત રાષ્ટ્રસંઘનાં વસ્તીશાસ્ત્ર શબ્દકોશમાં જણાવ્યા પ્રમાણે સ્થળાંતર એક એવી ઘટના છે જેમાં વ્યકિત એક ભૌગોલિક વિસ્તારમાંથી બીજા ભૌગોલિક વિસ્તારમાં જાય છે. વ્યક્તિ પોતાનું

મૂળવતન છોડીને બીજા વિસ્તારમાં કાયમી ધોરણે વસવાટ કરવા જાય તો તેને સ્થળાંતર તરીકે ઓળખવામાં આવે છે.

### સ્થળાંતર અંગેના સામાન્ય લક્ષણો :

૧. સ્થળાંતર એક વસવાટ સ્થળ-ગામ, શહેર કે દેશમાંથી બીજા વસવાટ સ્થળ-ગામ, શહેર કે દેશમાં રહેઠાણ માટે ઓછે વધતે અંશે કાયમી કે લાંબા સમય માટે થતું લોકોનું સંચરણ છે.

૨. આવાં સંચરણ કરનાર માટે વહીવટી, ભૌગોલિક, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પરિસ્થિતિ બદલાય છે.

૩. સ્થળાંતરમાં ભૌગોલિક કે રહેઠાણ સંબંધી ગતિશીલતા છે અને સ્થળાંતરીતોનાં દરજ્જા ઉપર અસર કરે છે.

૪. સ્થળાંતર, સ્થળાંતરીતો તેમજ તેઓ જ્યાં સ્થળાંતર કરેત્યાંનાં લોકોની જીવન તકો ઉપર અસર કરે છે.

૫. સ્થળાંતર, સ્થળાંતરીતો અને જ્યાં સ્થળાંતર કરે ત્યાંનાં સ્થાનિક લોકો સાથે આંતરક્રિયા થાય છે, જેનાં કેટલાંક સામાજિક પરિણામો આવે છે. આથી સ્થળાંતર સામાજિક પરિવર્તન સાથે સંબંધ ધરાવતી પ્રક્રિયા છે.

### સંબંધિત સાહિત્યની સમીક્ષા

**Savadiya A.D. (2019).** નાં સંશોધન અભ્યાસમાં બાંધકામ ક્ષેત્રમાં મહિલા શ્રમજીવીઓનો સમાજશાસ્ત્રીય અભ્યાસ ભાવનગર શહેરનાં સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો. પ્રસ્તુત અભ્યાસમાં ઝૂમખા નિદર્શનનાં આધારે ૩૦૦ જેટલી મહિલાઓની પસંદગી કરવામાં આવી હતી. પ્રસ્તુત અભ્યાસનો હેતુ મહિલાઓની સામાજિક-આર્થિક સ્થિતિ હેતુઓનો અભ્યાસ કર્યો હતો. જેમાં તેમના નિષ્કર્ષ તરીકે બાંધકામ ક્ષેત્રની સ્ત્રીઓમાં નિરીક્ષરતાનું પ્રમાણ ખૂબ ઓછું હોવાથી તે કુશળ કામમાં નહિ પણ વધારે શારીરિક શ્રમ હોય તેવાં કામોમાં જોડાયા હતા. કામનાં સ્થળે કોઈપણ પ્રકારની સુરક્ષાઓ પૂરી પાડવામાં ન આવતી, સાથે તેની પ્રાથમિક જરૂરીયાતો પણ આપવામાં આવતી નહિ. પ્રસ્તુત અભ્યાસના સૂચનો ખાસ કરીને મોટાભાગની મહિલા શ્રમિકો બાંધકામ વિભાગમાં બિનકુશળતા ધરાવતી અને તાલીમના અભાવથી જાણકાર ન હતી તે માટે સરકારે ખાનગી સેવાભાવી સંસ્થાએ તાલીમ આપે તેવા પ્રયાસો કરવા જેથી આ ક્ષેત્રમાં અન્ય કુશળતાવાળા કામ પણ કરી શકે તે થકી તેઓ સારું એવું વેતન પણ પ્રાપ્ત કરી શકે.

**Patel D.K. (2020).**દ્વારા તેમના પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં બાંધકામ ક્ષેત્રે કામ કરતાં સ્થળાંતરિત આદિવાસીઓનો સમાજશાસ્ત્રીય અભ્યાસ અમદાવાદ શહેરનાં સંદર્ભમાં હાથ ધર્યો. આ અભ્યાસમાં આકસ્મિક નિદર્શન પદ્ધતિ દ્વારા ૧૫૦ સ્ત્રી મજૂર અને ૧૫૦ પુરુષ ઉત્તરદાતાઓ એમ કુલ

૩૦૦ જેટલાં નિદર્શની પસંદગી કરવામાં આવી હતી. અભ્યાસના હેતુઓમાં ખાસ કરીને સ્થળાંતરિત આદિવાસી મજૂરોની સ્થિતિમાં સુધારો કરવા સરકારની નીતિ અને કાનૂની જોગવાઇઓનો અભ્યાસ કરવો. આ અભ્યાસના તારણોમાં મુખ્યત્વે આદિવાસી વિસ્તારોમાં અપૂરતી શૈક્ષણિક સગવડો, નબળી આર્થિક પરિસ્થિતિ, દેવું, રોજગારીની અપૂરતી તકો વગેરે જેવા પરિબળોને લઈને તેઓનું શિક્ષણ માત્ર પ્રાથમિક અને માધ્યમિક સુધી જ કર્યું હતું. કામનાં સ્થળ દરમ્યાન કામ કરતી વખતે ઘણીવાર મજૂરોને અકસ્માતોનો ભોગ બનવું પડતું હતુ. મજૂરોને કાયદા અંગેની પણ અપૂરતી માહિતી અને વિવિધ સરકારી યોજનાઓનાં લાભો વિશે પણ પર્યાપ્ત માહિતી હતી. તેનાં માટે સરકાર દ્વારા મજૂરો માટે નવા નીતિ નિયમો ઘડીને મજૂરો સુધી માહિતી મળે તે માટે પ્રચાર કરવા જોઈએ.

**Halari L.M. (2020).** દ્વારા આ સંશોધન અભ્યાસમાં સ્થળાંતરિત બાંધકામ કામદારોનું સામાજિક બંધારણ અને સમસ્યાઓનો એક અભ્યાસ સુરત શહેરનાં સંદર્ભમાં કર્યો હતો. અહીં યદ્દચ્છ નિદર્શ પદ્ધતિ દ્વારા કુલ ૩૦૦ જેટલાં કામદારોની નિદર્શ તરીકે પસંદગી કરવામાં આવી. પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓમાં ખાસ કરીને બાંધકામ કામદારોનાં આર્થિક-સામાજિક પરિસ્થિતિ મુખ્ય હેતુઓ હતા. આ અભ્યાસના નિષ્કર્ષ પરથી જાણવા મળ્યું કે બાંધકામ કામદારોમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળ્યું, મોટાભાગના કામદારો પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સુધી જ પ્રાપ્ત કર્યું હતું. બાંધકામ શ્રમિકોની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી એમના બાળકોને શાળાએ મોકલવાને બદલે કમાણી કરવા માટે કામનાં સ્થળે લઈ જતાં હતા. આ અભ્યાસના સૂચનોમાં સ્થળાંતરને ઘટાડવા માટે તેઓના સ્થાનિક કક્ષાએ રોજગારી મળી રહે તે માટે રોજગારલક્ષી કાર્યક્રમો કરવા જોઈએ. આ ક્ષેત્રમાં કામ કરતાં કામદારોને બાંધકામનાં ઓજારો સાધન સહાય આપવી જોઈએ.

**Shah M.M. (2021).** દ્વારા તેમના પ્રસ્તુત અહેવાલમાં કોરોના મહામારીમાં બાંધકામ ક્ષેત્રનાં આંતરરાજ્ય સ્થળાંતરિત શ્રમિકોની આર્થિક પરિસ્થિતિ અને સમસ્યાઓનો અભ્યાસ હિંમતનગર શહેરનાં સંદર્ભમાં હાથ ધર્યો હતો. આ અભ્યાસ યદ્દચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા ૭૭ જેટલાં બાંધકામ શ્રમિકોની પસંદગી કરવામાં આવી હતી. પ્રસ્તુત અભ્યાસના હેતુઓ ખાસ કરીને સ્થળાંતર કરનારા પ્રવાસી શ્રમિકોની અસરકારકતા, નુકશાન સહન કરવા માટેના નિવારણ માટે દેશોમાં સ્થાપિત કાનૂની માળખા અને પદ્ધતિઓનો અભ્યાસ. પ્રસ્તુત અભ્યાસના નિષ્કર્ષમાં સ્થળાંતર કરનારાઓનો ખાસ કરીને ઉચ્ચ સ્તરે દૂરપયોગ અને શોષણનો ભોગ બનતા હતા. સ્થળાંતર શ્રમિકોને યોગ્ય રીતે રહેવા માટે મકાનની સુવિધાઓ અને પ્રાથમિક સલામતીની સુવિધાઓ મળી રહે તે માટે સરકાર દ્વારા સ્થળાંતર શ્રમિકો માટે આયોજન કરવું જોઈએ.

**Solanki A.N. (2014)** દ્વારા પ્રસ્તુત સંશોધનમાં સુરત શહેરમાં બાંધકામ ક્ષેત્ર અકુશળ અને અર્ધ-કુશળ સ્થળાંતરિત શ્રમિકોની સમસ્યાઓ પર આધારિત હતો. અહીં યદચ્છ નિદર્શ પદ્ધતિ દ્વારા કુલ ૩૦૦ જેટલાં કામદારોની નિદર્શ તરીકે પસંદગી કરવામાં આવી. પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ સ્થળાંતરિત થયેલા શ્રમિકોના કામના સ્થળે અનુભવાતી સમસ્યાઓનો અભ્યાસ કરવો. જેમાં મોટાભાગના શ્રમિકોને પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળ્યો હતો. તેનાં માટે કોન્ટ્રાકટર દ્વારા યોગ્ય સગવડ પૂરી પાડવી જોઈએ. પ્રસ્તુત અભ્યાસમાં સ્થળાંતરને ઘટાડવા માટે શ્રમિકોને સ્થાનિક કક્ષાએ રોજગારી મળી રહે તે માટે રોજગારલક્ષી કાર્યક્રમો કરવા જોઈએ.

## અભ્યાસના હેતુઓ :

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં સુરત શહેરમાં બાંધકામ ક્ષેત્રે કામ કરતાં શ્રમિકોનું સ્થળાંતર અંગેનું આર્થિક વિશ્લેષણનો અભ્યાસ કરવો.

## અભ્યાસની પરિકલ્પનાઓ :

૧. સ્થળાંતર પછી અને સ્થળાંતર પહેલા શ્રમિકોનું માસિક વેતનમાં કોઈ આંકડાશાસ્ત્રીય સાર્થક તફાવત નથી.

## નિદર્શની પસંદગી :

આ અભ્યાસ માટે સમષ્ટિ તરીકે સુરત શહેરને પસંદ કરવામાં આવ્યું છે. સુરત શહેરમાં બાંધકામ પ્રવૃત્તિએ ઘણી વિશાળ રીતે ફેલાયેલી છે માટે નિદર્શ પસંદગીમાં ધ્યાન રાખવું ખુબ જરૂરી હતું. પ્રસ્તુત અભ્યાસ "સંભાવના આધારિત અને બિન સંભાવના પધ્ધતિ આધારિત નિદર્શની પસંદગી કરવામાં આવી છે. સુરત શહેરને સાત ઝોનમાં વહેચવામાં આવ્યું હોવાથી ઝોન મુજબ નિદર્શ પસંદ કરવામાં આવ્યો છે. નિદર્શ પસંદગી માટે સુરત મહાનગરપાલિકાના બાંધકામ નોંધણી વિભાગમાંથી ઝોન પ્રમાણે સુરતમાં બાંધકામ પ્રોજેક્ટો કેટલા કાર્યરત છે તેની માહિતી મેળવવામાં આવી. તેમજ સંપૂર્ણ રજૂઆત નીચે મુજબની સારણીમાં રજૂ કરવામાં આવી છે.

**સારણી નં. : ૧.૧**
**સુરતમાં ઝોન પ્રમાણે બાંધકામ પ્રોજેક્ટની સંખ્યા (૨૦૧૯)*[1]**

| ઝોન | બાંધકામ પ્રોજેકટની સંખ્યા* | નિદર્શ તરીકે પસંદ કરેલ બાંધકામ પ્રોજેક્ટની સંખ્યા (૩૦% પ્રમાણે) કોલમ (૨)*૩૦/૧૦૦ | નિદર્શની સંખ્યા કોલમ(૩)*૬ | પુરુષની સંખ્યા | સ્ત્રીની સંખ્યા |
|---|---|---|---|---|---|

[1] નોંધપત્રક (૨૦ ડિસેમ્બર,૨૦૧૯) સુરત મહાનગરપાલિકા.

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ઈસ્ટ | ૧૧૪ | ૩૪ | ૨૦૪ | ૧૦૨ | ૧૦૨ |
| વેસ્ટ | ૨૪ | ૭ | ૪૨ | ૨૧ | ૨૧ |
| સાઉથ | ૩૪ | ૧૦ | ૬૦ | ૩૦ | ૩૦ |
| સેન્ટ્રલ | ૩૬ | ૧૧ | ૬૬ | ૩૩ | ૩૩ |
| નોર્થ | ૬૫ | ૨૦ | ૧૨૦ | ૬૦ | ૬૦ |
| સાઉથ-ઈસ્ટ | ૨૨ | ૭ | ૪૨ | ૨૧ | ૨૧ |
| સાઉથ-વેસ્ટ | ૩૮ | ૧૧ | ૬૬ | ૩૩ | ૩૩ |
| કુલ | **૩૩૧** | **૧૦૦.૦** | **૬૦૦** | **૩૦૦** | **૩૦૦** |
| **સ્રોત : નોંધપત્રક (૨૦ ડિસેમ્બર,૨૦૧૯) સુરત મહાનગરપાલિકા.** | | | | | |

પ્રસ્તુત અભ્યાસમાં સંભાવના આધારિત બહુ-તબક્કા નિદર્શન પધ્ધતિ દ્વારા સુરત શહેરના કુલ બાંધકામ પ્રોજેકટમાંથી વિસ્તાર પ્રમાણે નિદર્શ બાંધકામ પ્રોજેકટની પસંદગી કરવામાં આવી છે. ત્યાર બાદ બિન-સંભાવના આધારિત નિદર્શન પધ્ધતિમાંથી સુવિધા નિદર્શન પધ્ધતિના આધારે નિદર્શમાં પસંદગી પામેલ બાંધકામ પ્રોજેકટમાંથી કુલ ૬ શ્રમિકો જેમાં ૩ સ્ત્રી શ્રમિકોની અને ૩ પુરુષ શ્રમિકોની પસંદગીનાં અભ્યાસ માટે કરવામાં આવી છે. ત્યારબાદ ૬૦૦ નિદર્શ માટે દરેક ઝોનમાંથી સરખો ભાર આપીને ટકાવારી મેળવ્યા બાદ ૬૦૦ નિદર્શની પસંદગી કરવામાં આવી.

## માહિતીનો સ્રોત

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધનને લગતી પ્રાથમિક માહિતી સ્વરૂપે એકત્રિત કરવામાં આવેલી છે, જેમાં પ્રસ્તુત અભ્યાસમાં મુખ્યત્વે ક્ષેત્રકાર્ય પર આધારિત હોવાથી પ્રાથમિક માહિતી મેળવવા માટે પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## માહિતીનું વિશ્લેષણ અને પૃથ્થકરણ

પ્રાથમિક માહિતી દ્વારા પ્રાપ્ત આંકડાકીય માહિતીને સારણીમાં રજૂ કરીને અને સરળ આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ જેવી કે ટકાવારી, આવૃતિ વિતરણનો ઉપયોગ કરીને તારણો મેળવ્યા છે. તેમજ વિવિધ પરિબળો તપાસવા માટે Pair Sample–t testનો ઉપયોગ કર્યો છે ઉપરોક્ત

પરિક્ષણને આંકડાશાસ્ત્રીય પૃથ્થકરણ માટે કોમ્પ્યુટર સોફ્ટવેર SPSS નો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## સુરત શહેરનાં બાંધકામ શ્રમિકોની સ્થળાંતર અંગેની પરિસ્થિતિ

### ૧. બાંધકામ શ્રમિકોની સ્થળાંતર પહેલા અને સ્થળાંતર પછીની રહેઠાણની પરિસ્થિતિ

દરેક વ્યક્તિને આશ્રય માટે રહેઠાણની જરૂર પડે છે. જે એક એવું સ્થળ કે જ્યાં કોઈપણ વ્યક્તિ પોતાનાં કુંટુંબ સાથે સુખ-શાંતિ અને આનંદની પળો વિતાવી શકે છે. શ્રમિક પોતાનાં જન્મથી શરૂ કરીને પોતાનું બાળપણ, શિક્ષણ તેમજ જીવનની શરૂઆત તેમનાં મૂળવતનથી જ થતી હોય છે. શ્રમિકો પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માટે રોજગારી અર્થે સ્થળાંતર કરતો હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં બાંધકામ શ્રમિકોની સ્થળાંતર પહેલા અને સ્થળાંતર પછીની રહેઠાણની પરિસ્થિતિ અંગેની સારણી નીચે મુજબ આપવામાં આવી છે.

**સારણી નં. : ૧.૨ બાંધકામ શ્રમિકોની સ્થળાંતર પહેલા અને સ્થળાંતર પછીની રહેઠાણ અંગેનું**

| મકાનનો પ્રકાર | સ્થળાંતર પહેલા | | સ્થળાંતર પછી | |
|---|---|---|---|---|
| | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી |
| ઝુંપડી | ૦૫ | ૦.૮૩ | ૨૦૦ | ૩૩.૩ |
| પાકું મકાન | ૩૭૬ | ૬૨.૬૮ | ૧૦૭ | ૧૭.૮ |
| કાચું મકાન | ૧૦૬ | ૧૭.૬૫ | ૧૦૭ | ૧૭.૮ |
| અર્ધ-પાકું મકાન | ૧૦૯ | ૧૮.૧૫ | ૭૨ | ૧૨.૦ |
| અન્ય | ૦૪ | ૦.૬૬ | ૧૧૪ | ૧૯.૦ |
| **કુલ** | **૬૦૦** | **૧૦૦.૦** | **૬૦૦** | **૧૦૦.૦** |

સ્ત્રોત : પ્રાપ્ત પ્રાથમિક માહિતીના સર્વેક્ષણ પર આધારીત ટકાવારીનું વિશ્લેષણ

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ઉપરોક્ત સારણીમાં બાંધકામ શ્રમિકોની સ્થળાંતર પહેલા અને સ્થળાંતર પછીની રહેઠાણની પરિસ્થિતિ અંગેનો અભ્યાસ કરતાં જોવા મળે છે કે સ્થળાંતર પહેલા ૬૨.૬૬ ટકા શ્રમિકો પાકા મકાનમાં, કાચું અને અર્ધ-પાકા મકાનમાં ૧૭.૬૬ ટકા અને ૧૮.૧૬ ટકા શ્રમિકો વસવાટ કરતાં હતા. સ્થળાંતર પછીની પરિસ્થિતિનો અભ્યાસ કરતાં જોવા મળે છે કે ૩૩.૩ ટકા શ્રમિકો ઝુંપડીમાં, પાકા મકાનમાં અને અન્ય રીતે વસવાટ કરતાં હોય તેવાં શ્રમિકોનું ટકાવારી પ્રમાણ ૧૭.૮ ટકા અને ૧૯.૦ ટકા જેટલું જોવા મળ્યું. જે દર્શાવે છે કે સ્થળાંતર પછી શ્રમિકોને રહેઠાણની સ્થિતિમાં આંશિક રીતે કોઈ સુધારો થયો નથી.

## ૨. બાંધકામ શ્રમિકોનું સ્થળાંતર થવાનું કારણ અંગેની પરિસ્થિતિ

રાજ્યમાં કે દેશમાં થતાં મોટાભાગનાં સ્થળાંતર રોજગારી અર્થે થતાં હોય છે. અલ્પવિકસિત કે આર્થિક અને ઔદ્યોગિક વિકાસ નહિવત્ હોય તેવા પ્રદેશોમાંથી મોટા શહેરોમાં રોજગારીની શોધમાં સ્થળાંતર ખૂબ મોટા પ્રમાણમાં થતું હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં બાંધકામ શ્રમિકો કયા કારણોસર સ્થળાંતર કર્યું છે જે નીચે મુજબની સારણીમાં આપવામાં આવેલ છે.

**સારણી નં. : ૧.૩ શ્રમિકોનું સ્થળાંતર કરવાનું કારણ અંગેનું વર્ગીકરણ**

| કારણ | શ્રમિકોની સંખ્યા | શ્રમિકોની ટકાવારી |
|---|---|---|
| વતનમાં રોજગારીનો અભાવ | ૧૯૦ | ૩૧.૭ |
| કૌટુંબિક કારણોસર | ૧૪૨ | ૨૩.૭ |
| અન્ય | ૧૨૪ | ૨૦.૭ |
| લાગુ પડતું નથી | ૧૪૪ | ૨૪.૦ |
| **કુલ** | **૬૦૦** | **૧૦૦.૦** |

સ્ત્રોત : પ્રાપ્ત પ્રાથમિક માહિતીના સર્વેક્ષણ પર આધારીત ટકાવારીનું વિશ્લેષણ

ઉપરોક્ત સારણીમાં અભ્યાસ કરતાં જણાય છે કે કુલ ૬૦૦ બાંધકામ શ્રમિકોમાંથી ૪૫૬ (૭૬.૦ ટકા) શ્રમિકો સ્થાનિક વસવાટ કરતાં નથી. પરંતુ અન્ય જિલ્લાઓ કે રાજયોમાંથી સ્થળાંતર થઈને વસવાટ કરતાં જોવા મળ્યા છે. જેમાં ૧૯૦ (૩૧.૭ ટકા) શ્રમિકો વતનમાં રોજગારીના અભાવનાં કારણે કર્યો છે. ૧૪૨ (૨૩.૭ ટકા) શ્રમિકો તેમનાં કૌટુંબિક કારણોસરનાં લીધે તથા ૧૨૪ (૨૦.૭ ટકા) શ્રમિકો અન્ય કારણોનાં લીધે સ્થળાંતર કર્યું છે. જેમ કે, નબળી આર્થિક પરિસ્થિતિ, શહેરી જીવનની લાલસા, વધુ આવક મેળવવાની ઈચ્છા, પોતાનાં ગામનાં શહેરોમાં રહેતાં લોકોની દેખા-દેખી, ઉજ્જવળ ભવિષ્ય વગેરે કારણોનાં લીધે શ્રમિકો સ્થળાંતર કર્યું છે.

## ૩. બાંધકામ શ્રમિકોની સ્થળાંતર પહેલા અને સ્થળાંતર પછી વ્યવસાયના અંગેની પરિસ્થિતિ

દરેક વ્યક્તિને જીવન પસાર કરવા માટે વત્તે ઓછે અંશે આર્થિક પ્રવૃતિ કરવી પડે છે. આવક મેળવવા માટે વ્યકિતને કોઈપણ પ્રકારનું કામ કરવું પડે છે. આર્થિક બાબતો સમાજના દરેક વર્ગના લોકોને સ્પર્શે છે. લોકોનું જીવનધોરણ, સામાજિક દરજ્જો, કામ કરવાની શકિત અને વૃતિ વગેરેનો અભ્યાસ વ્યકિતને આર્થિક પરિસ્થિતિ દ્વારા મેળવી શકાય છે. આ આર્થિક ઉપાર્જનની પ્રવૃતિને રોજગારી કહે છે. પ્રસ્તુત અભ્યાસની સારણી નીચે મુજબ છે.

| સારણી નં. : ૧.૪ બાંધકામ શ્રમિકોની સ્થળાંતર પહેલા અને સ્થળાંતર પછીની વ્યવસાયના પ્રકાર અંગેનું વર્ગીકરણ | | | | |
|---|---|---|---|---|
| વ્યવસાયનો પ્રકાર | સ્થળાંતર પહેલા | | સ્થળાંતર પછી | |
| | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી |
| કડિયો | ૪૫ | ૭.૫ | ૧૮૬ | ૩૧.૦ |
| પથ્થર બેસાડનાર | ૦૫ | ૦.૮૩ | ૧૫૪ | ૨૫.૭ |
| સ્લેપ ભરનાર | ૦૮ | ૧.૩૩ | ૮૮ | ૧૪.૭ |
| ઇલેક્ટ્રિશિયન | ૦૧ | ૦.૧૬ | ૫૦ | ૮.૩ |
| સેન્ટીંગવાળા | ૦૦ | ૦.૦ | ૪૪ | ૭.૩ |
| સુથાર | ૦૦ | ૦.૦ | ૨૪ | ૪.૦ |
| ખેતી | ૩૫૨ | ૫૮.૬૬ | ૦૦ | ૦.૦ |
| અન્ય | ૧૮૯ | ૩૧.૫ | ૫૪ | ૯.૦ |
| **કુલ** | **૬૦૦** | **૧૦૦.૦** | **૬૦૦** | **૧૦૦.૦** |

સ્રોત : પ્રાપ્ત પ્રાથમિક માહિતીના સર્વેક્ષણ પર આધારીત ટકાવારીનું વિશ્લેષણ

ઉપરોક્ત સારણીમાં બાંધકામ શ્રમિકોની સ્થળાંતર પહેલા અને સ્થળાંતર પછી વ્યવસાયના પ્રકાર અંગેની પરિસ્થિતિ અંગેનો અભ્યાસ કરતાં જોવા મળે છે કે સ્થળાંતર પહેલા શ્રમિકો ૫૮.૬૬ ટકા શ્રમિકો ખેતી સાથે સંકળાયેલા હતા. કડિયો, પથ્થર બેસાડનાર, સ્લેપ ભરનારા, ઇલેક્ટ્રિશિયન અને અન્ય વ્યવસાયમાં કામ કરતાં હતા તેનું પ્રમાણ ૭.૦૫ ટકા, ૦.૮ ટકા, ૧.૩૩ ટકા, ૦.૧૬ ટકા અને ૩૧.૫ ટકા જેટલાં હતા. બીજી તરફ સ્થળાંતર બાદ ૩૧.૦ ટકા શ્રમિકો કડિયા કામ સાથે જોડાયેલ છે. પથ્થર બેસાડનાર, સ્લેપ ભરનારા, ઇલેક્ટ્રિશિયન, સેન્ટીંગવાળા, સુથાર અને અન્ય વ્યવસાયમાં કામ કરતાં હતા તેનું પ્રમાણ ૨૫.૭ ટકા, ૧૪.૭ ટકા, ૮.૩ ટકા, ૭.૩ ટકા, ૪.૦ ટકા અને ૯.૦ ટકા જેટલાં શ્રમિકો જોડાયેલ છે જે દર્શાવે છે કે મોટાભાગના શ્રમિકો સ્થળાંતર પછી બાંધકામ ક્ષેત્રે જોડાયેલા છે એવું જોવા મળ્યું છે.

**૪. બાંધકામ શ્રમિકો સ્થળાંતર પછી આ વ્યવસાયમાં જોડાવા પાછળના કારણો અંગેની પરિસ્થિતિ**

સુરત શહેરમાં અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં બાંધકામ શ્રમિકો આ ક્ષેત્રમાં જોડાવા પાછળ કયા પરિબળો અસર કરે છે તે અંગેની માહિતી પ્રાપ્ત કરવી અતિ આવશ્યક છે. તેમજ આ ક્ષેત્રમાં જોડાવવા પાછળના કારણોને વિભાજિત કરીને તેમાંથી કયું કારણ વધુ અસરકારક છે તેવું નિર્ધારણ

કરી શકાય છે. આ અંગેની માહિતીનું વર્ગીકરણ અહીં કરવામાં આવેલ છે જે નીચે મુજબની સારણીમાં દર્શાવ્યું છે.

| સારણી નં. : ૧.૫ વ્યવસાયમાં જોડાવાનું કારણ અંગેનું વર્ગીકરણ | | |
|---|---|---|
| **કારણો** | **શ્રમિકોની સંખ્યા** | **શ્રમિકોની ટકાવારી** |
| નબળી આર્થિક પરિસ્થિતિ | ૨૧૯ | ૩૬.૫ |
| ઓછું ભણતર | ૧૧૩ | ૧૮.૮ |
| વારસાગત વ્યવસાય | ૭૫ | ૧૨.૫ |
| ભવિષ્ય ઉજ્જવળ બને | ૧૬૧ | ૨૬.૮ |
| અન્ય | ૩૨ | ૫.૩ |
| કુલ | **૬૦૦** | **૧૦૦.૦** |

સ્રોત : પ્રાપ્ત પ્રાથમિક માહિતીના સર્વેક્ષણ પર આધારીત ટકાવારીનું વિશ્લેષણ

ઉપરોક્ત સારણીમાં અભ્યાસ કરતાં જણાય છે કે બાંધકામ ક્ષેત્રમાં રોજગારી અર્થે જોડાવા પાછળનું સૌથી મોટું કારણએ શ્રમિકોની નબળી આર્થિક પરિસ્થિતિ છે જેનું પ્રમાણ ૩૬.૫ ટકા છે. ત્યાર પછીના ક્રમે ભવિષ્ય ઉજ્જવળ બને તેવું કારણ દર્શાવનાર શ્રમિકોનું ટકાવારી પ્રમાણ ૨૬.૮ ટકા છે, જ્યારે ઓછું ભણતર ધરાવનાર ૧૮.૮ ટકા શ્રમિકોનો સમાવેશ થાય છે અને વારસાગત વ્યવસાયમાં જોડાવવાનું કારણનું પ્રમાણ ૧૨.૫ ટકા શ્રમિકો છે. અન્ય કારણોમાં જોડાયેલાં શ્રમિકોનું ટકાવારી પ્રમાણ ૫.૩ ટકા જેટલું છે જેમાં અન્ય કારણોથી લગ્ન કરવાથી કામનો સ્વીકાર, ઘરે બેસવું ગમતું નથી અને ઘરમાં અન્ય કોઈ કમાનાર નથી વગેરે કારણોનો સમાવેશ થાય છે. અહીં નોંધપાત્ર બાબત એ છે કે કુટુંબની નબળી આર્થિક પરિસ્થિતિ એ આ વ્યવસાયમાં પ્રવેશ માટેનું સૌથી મહત્વનું કારણ છે. આથી જ મોટાભાગનાં શ્રમિકો બાંધકામ ક્ષેત્રમાં દાખલ થયા છે.

**૫. બાંધકામ શ્રમિકોની સ્થળાંતર પહેલા અને સ્થળાંતર પછીની આવક, ખર્ચ, બચત અને દેવું અંગેની સ્થિતિ**

પ્રસ્તુત અભ્યાસમાં બાંધકામ શ્રમિકોની સ્થળાંતર પહેલા અને સ્થળાંતર પછીની આવક, ખર્ચ, બચત અને દેવાં અંગેની પરિસ્થિતિની સારણી નીચે મુજબ આપવામાં આવી છે.

| સારણી નં. : ૧.૬ બાંધકામ શ્રમિકોની સ્થળાંતર પહેલા અને સ્થળાંતર પછીની આવક, ખર્ચ, બચત અને દેવું અંગેનું વર્ગીકરણ | | | | |
|---|---|---|---|---|
| વિગત | | સરેરાશ (રૂ.માં) | સંખ્યા | સરેરાશ તફાવત |
| આવક | પહેલા | ૧૩૩૪.૧૬૬૭ | ૬૦૦ | -૬૮૨૩.૩૩૩૩ |
| | પછી | ૮૧૫૭.૫૦૦૦ | | |
| ખર્ચ | પહેલા | ૧૦૦૦.૧૨૫૬ | ૬૦૦ | -૬૩૫૨.૩૨૪૪ |
| | પછી | ૭૩૫૨.૪૫૦૦ | | |
| બચત | પહેલા | ૩૫૦.૧૧૦૦ | ૬૦૦ | -૩૦૮.૦૧ |
| | પછી | ૬૫૮.૧૨૦૦ | | |
| દેવું | પહેલા | ૧૭૦૭૦.૦૦ | ૬૦૦ | -૫૩૮૦.૦૦ |
| | પછી | ૨૨૪૫૦.૦૦ | | |

સ્રોત : પ્રાપ્ત પ્રાથમિક માહિતીના સર્વેક્ષણ પર આધારીત ટકાવારીનું વિશ્લેષણ

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ઉપરોક્ત સારણીમાં બાંધકામ શ્રમિકોની સ્થળાંતર પહેલા અને સ્થળાંતર પછીની આવક, ખર્ચ, બચત અને દેવાં અંગેનો અભ્યાસ કરતાં જોવા મળે છે કે સ્થળાંતર પછી બાંધકામ શ્રમિકોની આવક, ખર્ચ, બચત અને દેવાંનાં પ્રમાણમાં વધારો થયેલો છે. આ વધારો અનુક્રમે રૂ.૬૮૫૩.૩૩૩૩, રૂ.૬૩૫૨.૩૨૪૪, રૂ.૩૦૮.૦૧, રૂ.૫૩૮૦.૦૦ જેટલો છે.

**૬. બાંધકામ શ્રમિકોની સ્થળાંતર પહેલા અને સ્થળાંતર પછી જુદી-જુદી વસ્તુઓ પાછળની ખર્ચવૃતિ અંગેની સ્થિતિ**

વ્યક્તિને પોતાનું જીવન પસાર કરવા માટે અમુક જીવન જરૂરીયાતો પાછળ ખર્ચ કરવા પડે છે. પ્રસ્તુત અભ્યાસ હેઠળ બાંધકામ શ્રમિકોની સ્થળાંતર પહેલા અને સ્થળાંતર પછી ખોરાક, કપડાં, દવા, સામાજિક-ધાર્મિક ખર્ચ, મનોરંજન અને અન્ય પાછળ થતો ખર્ચ અંગેની માહિતી મેળવવામાં આવી છે જે નીચે મુજબની સારણીમાં આપેલ છે.

| સારણી નં. : ૧.૭ બાંધકામ શ્રમિકોની સ્થળાંતર પહેલા અને સ્થળાંતર પછી શ્રમિકોની જુદી-જુદી વસ્તુઓ પાછળનો માસિક ખર્ચ અંગેનું વર્ગીકરણ | | | | | |
|---|---|---|---|---|---|
| વિગત | | ન્યૂનતમ ખર્ચ | મહતમ ખર્ચ | સરેરાશ ખર્ચ | કુલ ખર્ચની સરેરાશ ટકાવારી |
| ખોરાક | પહેલા | ૧૦૦ | ૧૦૦૦ | ૪૫૬ | ૫.૮૮ |
| | પછી | ૨૦૦ | ૧૫૦૦ | ૬૮૪ | ૮.૮૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| કપડાં | પહેલા | ૧૦૦ | ૮૦૦ | ૩૩૫ | ૪.૮૦ |
| | પછી | ૨૦૦ | ૧૫૦૦ | ૬૪૭ | ૮.૩૫ |
| સ્વાસ્થય | પહેલા | ૦ | ૩૦૦૦ | ૧૦૦૫ | ૧૨.૯૮ |
| | પછી | ૦ | ૬૦૦૦ | ૨૦૧૧ | ૨૫.૯૬ |
| સામાજિક-ધાર્મિક | પહેલા | ૧૦૦૦ | ૨૨૦૦૦ | ૩૦૮૫ | ૩૯.૮૨ |
| | પછી | ૦ | ૨૦૦૦૦ | ૨૪૪૫ | ૩૧.૫૬ |
| મનોરંજન | પહેલા | ૦ | ૫૦૦ | ૨૨૮ | ૨.૯૪ |
| | પછી | ૦ | ૨૦૦૦ | ૬૪૦ | ૮.૨૬ |
| અન્ય | પહેલા | ૫૦૦ | ૮૦૦૦ | ૨૫૬૦ | ૩૩.૦૪ |
| | પછી | ૦ | ૫૦૦૦ | ૧૩૧૯ | ૧૭.૦૨ |

**સ્રોત : પ્રાપ્ત પ્રાથમિક માહિતીના સર્વેક્ષણ પર આધારીત ટકાવારીનું વિશ્લેષણ**

ઉપરોક્ત સારણીનાં આધારે કહી શકાય છે કે બાંધકામ ક્ષેત્રનાં શ્રમિકોનો કુલ ખર્ચ પૈકી સૌથી વધુ ખર્ચ સામાજિક-ધાર્મિક પાછળ થાય છે. આ ખર્ચનું સરેરાશ ખર્ચ સ્થળાંતર પહેલા રૂ.૩૦૮૫ હતો જે સ્થળાંતર પછી રૂ.૨૪૪૫ થયો છે જેનો કુલ ખર્ચની સરેરાશ ટકાવારી ૩૯.૮૨ અને ૩૧.૫૬ ટકા છે, જ્યારે સ્વાસ્થય પાછળનો માસિક સરેરાશ ખર્ચ સ્થળાંતર પહેલા રૂ.૧૦૦૫ હતો જે સ્થળાંતર પછી રૂ.૨૦૧૧ થયો છે તેનાં ખર્ચનું સરેરાશ ટકાવારી પ્રમાણ ૧૨.૯૮ અને ૨૫.૯૬ ટકા છે. જેમાં મોટાભાગનો સ્વાસ્થય પાછળનો ખર્ચ શ્રમિક જાતે જ ઉપાડે છે. તેમજ સ્થળાંતર પછી ખોરાક પાછળનો ખર્ચ, કપડાં પાછળનો ખર્ચ અને મનોરંજન પાછળનો સરેરાશ ખર્ચનું ટકાવારી પ્રમાણ અનુક્રમે ૬૮૪ (૮.૮૩ ટકા), ૬૪૭ (૮.૩૫ ટકા) અને ૬૩૯ (૮.૨૬ ટકા) જેટલો છે. તે ઉપરાંત સ્થળાંતર પહેલા અને પછી અન્ય વસ્તુઓ પાછળ થતો માસિક સરેરાશ ખર્ચનું ટકાવારી પ્રમાણ ૩૩.૦૪ અને ૧૭.૦૨ ટકા જેટલું છે. બીજી એક મહત્વની માહિતી જાણવા મળી છે કે શ્રમિકો દ્વારા થતાં સામાજિક-ધાર્મિક પાછળનો માસિક ખર્ચ સ્વાસ્થય ખર્ચ કરતાં ઉંચો છે. જે દર્શાવે છે કે શ્રમિકો તેમનાં સ્વાસ્થય કરતાં તેમના સામાજિક-ધાર્મિક બાબતોને વધારે મહત્વ આપે છે.

### ૭. બાંધકામ શ્રમિકોની સ્થળાંતર પહેલા અને સ્થળાંતર પછી બાંધકામ યોજનાનો લાભ લીધો છે કે કેમ તે અંગેની સ્થિતિ

સરકાર દ્વારા બાંધકામ ક્ષેત્રનાં શ્રમિકો માટે આર્થિક સહાય આપવાનાં હેતુથી શ્રમિકો માટે વિવિધ યોજનાઓની શરૂઆત કરવામાં આવી છે. આ યોજનાઓ વિશે કેટલાંક શ્રમિકોને સંપૂર્ણ જાણકારી હોય છે અને કેટલાંક શ્રમિકોને જાણકારી હોતી નથી. જેનાં લીધે તેમને અનેક પ્રકારની

મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પ્રસ્તુત અભ્યાસમાં બાંધકામ શ્રમિકોની સ્થળાંતર પહેલા અને સ્થળાંતર પછી બાંધકામ યોજનાનો લાભ લીધો છે કે કેમ તે અંગેની માહિતી નીચે મુજબની સારણીમાં આપવામાં આવી છે.

**સારણી નં. : ૧.૮ બાંધકામ શ્રમિકોની સ્થળાંતર પહેલા અને સ્થળાંતર પછી બાંધકામ યોજનાનો લાભ લીધો છે કે કેમ તે અંગેનું વર્ગીકરણ**

| બાંધકામ યોજનાનો લાભ | સ્થળાંતર પહેલા | | સ્થળાંતર પછી | |
|---|---|---|---|---|
| | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી |
| હા | ૧૩ | ૨.૦૬ | ૨૨૧ | ૩૬.૮ |
| ના | ૫૮૭ | ૯૭.૮૩ | ૩૭૯ | ૬૩.૨ |
| **કુલ** | **૬૦૦** | **૧૦૦.૦** | **૬૦૦** | **૧૦૦.૦** |

સ્ત્રોત : પ્રાપ્ત પ્રાથમિક માહિતીના સર્વેક્ષણ પર આધારીત ટકાવારીનું વિશ્લેષણ

ઉપરોક્ત સારણીમાં અભ્યાસ કરતાં જાણવા મળ્યું છે કે સ્થળાંતર પહેલા ૨.૦૬ ટકા જેટલાં શ્રમિકોએ બાંધકામ યોજનાનો લાભ લીધો હતો અને ૯૭.૮૩ ટકા શ્રમિકોએ કોઈપણ પ્રકારનો લાભ નથી લીધો. બીજી તરફ સ્થળાંતર પછી ૩૬.૮ ટકા શ્રમિકોએ બાંધકામ યોજનાનો લાભ લીધો છે જે દર્શાવે છે કે સ્થળાંતર પછી બાંધકામ શ્રમિકો એ બાંધકામ યોજનાનો લાભ લીધો હોય તેનું પ્રમાણ ઉંચુ જોવા મળ્યું છે.

## પરિકલ્પના પરીક્ષણ

**૧. સ્થળાંતર પછી અને સ્થળાંતર પહેલાંનું શ્રમિકોનું માસિક વેતનમાં તફાવત**

પ્રસ્તુત અભ્યાસમાં બાંધકામ ક્ષેત્રે શ્રમિકોની સ્થળાંતર પછી અને સ્થળાંતર પહેલાંની શ્રમિકોનું માસિક વેતનમાં કોઈ ફેરફાર થયો છે કે નહિ તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. અહીં શ્રમિકોની સ્થળાંતર પછી અને સ્થળાંતર પહેલા શ્રમિકોનું માસિક વેતનમાં આંકડાશાસ્ત્રીય સાર્થક તફાવત જોવા મળ્યો છે કે નહિ તે માટે નીચે મુજબની પરિકલ્પના ચકાસવામાં આવેલ છે.

નિરાકરણીય પરિકલ્પના $H_0$ = સ્થળાંતર પછી અને સ્થળાંતર પહેલા શ્રમિકોનું માસિક વેતનમાં કોઈ તફાવત નથી.

વૈકલ્પિક પરિકલ્પના $H_1$ = સ્થળાંતર પછી અને સ્થળાંતર પહેલા શ્રમિકોનું માસિક વેતનમાં તફાવત છે.

અત્રે સ્થળાંતર પછી અને સ્થળાંતર પહેલા શ્રમિકોનું માસિક વેતનમાં તફાવત છે કે નહિ તે જાણવા માટે Paired Sample t-test નો ઉપયોગ કરતાં નીચે મુજબનું પરિણામ પ્રાપ્ત થાય છે.

**Paired Sample t-test**

| | Mean | N | Std.Deviation | Std.Error Mean |
|---|---|---|---|---|
| સ્થળાંતર પછીનું માસિક વેતન | ૮૧૫૭.૫૦૦૦ | ૬૦૦ | ૧૩૭૪.૬૨ | ૫૬.૧૧૮૮૨ |
| સ્થળાંતર પહેલાનું માસિક વેતન | ૧૩૩૪.૧૬૬૭ | ૬૦૦ | ૧૬૬૧.૮૭ | ૬૭.૮૪૫૬૫ |

**Paired Sample Correlations**

| | N | Correlation | Sig. |
|---|---|---|---|
| સ્થળાંતર પછીની અને પહેલાંનું માસિક વેતન | ૬૦૦ | .૨૬૭ | .000 |

**Paired Sample Test**

| | Paired Differences | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | 95% Confidence interval of the Differences | | | | |
| | Mean | Std. Deviation | Std.error Mean | Lower | Upper | T | df | Sig(2-tiled) |
| સ્થળાંતર પછીની અને પહેલાંનું માસિક વેતન | ૬૮૨૩.૩૩૩ | ૧૮૫૨.૮૭ | ૭૫.૬૪ | ૬૬૭૪.૬૪ | ૬૯૭૧.૮૯ | ૯૦.૨૦૪ | ૫૯૯ | .000 |

ઉપરોક્ત સારણીમાં t-test નું મૂલ્ય ૯૦.૨૦૪ જેટલું જોવા મળ્યું છે અને સાર્થકતાનું મૂલ્ય 0.000 જેટલું જોવા મળ્યું છે. જે 0.0૧ કરતાં ઓછું છે. જ્યાં ૯૯ ટકાની સાર્થકતાની કક્ષાએ નિરાકરણીય પરિકલ્પનાનો (H0) અસ્વીકાર થાય છે. એટલે કે સ્થળાંતર પછી અને સ્થળાંતર પહેલા શ્રમિકોનું માસિક વેતનમાં તફાવત રહેલો છે.

સ્થળાંતર પહેલા શ્રમિકોનું સરેરાશ માસિક વેતન રૂ.૧૩૩૪.૧૬૬૭ હતી. સ્થળાંતર પછી શ્રમિકોનું સરેરાશ માસિક વેતન રૂ.૮૧૫૭.૫૦૦૦ છે. એટલે કે શ્રમિકોનું માસિક વેતનમાં સરેરાશ રૂ.૬૮૨૩.૩૩૩૩ નો તફાવત જોવા મળ્યો છે. આમ, બાંધકામ શ્રમિકોની હાલનું માસિક વેતનમાં વધારો થયો છે તેવું જોવા મળ્યું છે.

સહસંબંધનાં મૂલ્યનો અભ્યાસ કરતાં ૦.૨૬૭ જેટલું મૂલ્ય જોવા મળેલ છે. જે ધન સહસંબંધ દર્શાવે છે. જે ૯૯ ટકાની સાર્થકતાની કક્ષાએ સાર્થક છે.

## અભ્યાસના મુખ્ય તારણો:

1. સ્થળાંતર પછી રહેઠાણની સ્થિતિમાં ખાસ સુધારો થયો નથી. ઘણા શ્રમિકો સ્થળાંતર પછી પણ ઝુંપડી અથવા અસ્થાયી રહેઠાણમાં રહેતા જોવા મળ્યા.
2. સ્થળાંતરનું મુખ્ય કારણ રોજગારીનો અભાવ છે. મોટાભાગના શ્રમિકોએ વતનમાં રોજગારી ન મળવાને કારણે સ્થળાંતર કર્યું, જ્યારે કેટલાકે કૌટુંબિક અને અન્ય આર્થિક કારણોસર સ્થળાંતર કર્યું.
3. સ્થળાંતર પહેલાં ખેતી મુખ્ય વ્યવસાય હતો, જ્યારે સ્થળાંતર પછી બાંધકામ ક્ષેત્ર મુખ્ય રોજગાર બન્યું. સ્થળાંતર પછી મોટાભાગના શ્રમિકો કડિયા, પથ્થર બેસાડનાર, સ્લેબ ભરનાર વગેરે બાંધકામ કાર્યોમાં જોડાયા.
4. બાંધકામ ક્ષેત્રમાં જોડાવાનું મુખ્ય કારણ નબળી આર્થિક પરિસ્થિતિ છે. ગરીબી અને વધુ આવકની આશા શ્રમિકોને આ ક્ષેત્ર તરફ આકર્ષે છે.
5. સ્થળાંતર પછી આવક, ખર્ચ, બચત અને દેવામાં વધારો થયો. શ્રમિકોની માસિક આવકમાં નોંધપાત્ર વધારો થયો, સાથે ખર્ચ, બચત અને દેવું પણ વધ્યું.
6. ખર્ચનમાં પણ ફેરફાર જોવા મળ્યો. સ્વાસ્થ્ય, ખોરાક, કપડાં અને મનોરંજન પાછળનો ખર્ચ વધ્યો, જ્યારે સામાજિક-ધાર્મિક ખર્ચ હજુ પણ નોંધપાત્ર રહ્યો.
7. બાંધકામ યોજનાઓનો લાભ સ્થળાંતર પછી વધુ મળ્યો. સ્થળાંતર પહેલાં ખૂબ ઓછા શ્રમિકોએ યોજનાઓનો લાભ લીધો હતો, જ્યારે સ્થળાંતર પછી લાભાર્થીઓનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું.
8. માસિક વેતનમાં આંકડાશાસ્ત્રીય રીતે મહત્વપૂર્ણ વધારો થયો. Paired Sample t-test મુજબ સ્થળાંતર પહેલાં અને પછીના વેતનમાં નોંધપાત્ર તફાવત જોવા મળ્યો; સરેરાશ વેતન ₹1334 થી વધીને ₹8157 થયું.

## અભ્યાસના સૂચનો :

૧. યોજનાનો લાભ મેળવવા માટે બિન જરૂરી વિગતો દૂર કરીને યોજનાની મંજૂરીની પ્રક્રિયા ઝડપી બનાવવી જોઈએ.

૨. ગરીબી, બેરોજગારી અને સ્થળાંતર એ બાંધકામ શ્રમિકો માટેનાં જવાબદાર કારણો છે. આથી શ્રમિકોના કુટુંબોને જે તે સ્થાનિક સ્તરે ઉત્પાદકીય રોજગારી મળી રહે તે જરૂરી છે જેથી તેઓ સ્થળાંતર થતાં અટકે.

૩. બાંધકામ શ્રમિકોને સાઇટ પર વધતાં જતાં જોખમોને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા બનાવાયેલ સુરક્ષા સલામતીનાં નિયમો પર ભાર મૂકવો.

૪. બાંધકામ ક્ષેત્રનાં શ્રમિકો માટે સરકાર શ્રી દ્વારા વિવિધ યોજનાઓ જેવી કે નેવું દિવસ ગેરંટીનું જોબ કાર્ડ, રૂ.૧૦ માં ભરપેટ ભોજન યોજના, શૈક્ષણિક યોજના, ધન્વંતરી રથ,ધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજનાઓ મલમાં છે પણ તેનો વ્યાપ વધારીને વધારેમાં વધારે શ્રમિકો સુધી પહોંચે તો ખરા અર્થમાં અમલ થયો ગણાશે.

## સંદર્ભસૂચિ :


- Confederation of Indian Industry. (2012). Labour reports (pp. 57–59).
- Halari, L. M. (2020). Social composition and issues of migrant workers engaged with construction work: A study of Surat City (Unpublished master's dissertation/thesis). Department of Sociology, Veer Narmad South Gujarat University, Surat, India.
- National Sample Survey Office. (2014). Employment and unemployment situation in India, 2011–12: NSS 68th round (Unit-level data). Ministry of Statistics and Programme Implementation, Government of India.
- National Statistical Office. (2019). Periodic Labour Force Survey (PLFS), 2017–18. Ministry of Statistics and Programme Implementation, Government of India.
- Patel, D. K. (2020). The sociological study of migrated Adivasi in construction sector: A special reference to Ahmedabad City (Unpublished master's dissertation/thesis). Department of Sociology, Gujarat University, Ahmedabad, India.
- Savadiya, A. D. (2019). Conditions of women in the construction sector: A sociological study (Special reference to Bhavnagar City) (Unpublished master's dissertation/thesis). Department of Sociology, Maharaja Krishnakumarsinhji Bhavnagar University, Bhavnagar, India.
- Shah, M. M. (2021). An economic condition of migrant workers in the construction sector during the Corona epidemic: A study of migration and problems (Special reference to Himmatnagar City). Knowledge Consortium of Gujarat, 46, 1–10. ISSN 2279-0241.
- United Nations Population Fund. (1993). Readings in population research and methodology. United Nations Population Fund.
- Papola, T. S. (1991). Urban informal sector in a developing economy (p. 3). Vikas Publishing House.
- Ministry of Statistics and Programme Implementation. (2019). Annual report of the Periodic Labour Force Survey (PLFS). Retrieved June 14, 2020, from MOSPI

- Building and Other Construction Workers Welfare Board. (2019, July 14). Official website. Retrieved from BOCW Welfare Board
- Career Structure. (2020, July 15). International construction hotspots. Retrieved from Career Structure International Construction Hotspots.
- સોલંકી એ. એન. (2014). સુરત શહેરમાં બાંધકામ ક્ષેત્રના અકુશળ અને અર્ધ-કુશળ સ્થળાંતરિત શ્રમિકોની સમસ્યાઓ [Problems of unskilled and semi-skilled migrant workers in the construction sector of Surat City] (અપ્રકાશિત સંશોધન પ્રબંધ). અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
- Vansiya, Y. N. (2021). Development and pattern of Gujarat agricultural sector (1960 to 2016–17). Vidyabharati International Interdisciplinary Research Journal (Special Issue).